ક્ષતિગ્રસ્ત કામરેજના તાપી નદી બ્રિજનું સમારકામ શરૂ, કલેક્ટરે નિરીક્ષણ કર્યું

નેશનલ હાઈવે પર આવેલા આ બ્રિજનું રાઉન્ડ ધ ક્લોક રિપેરિંગ કામ કરાશે, કામગીરી પૂરી થતાં જ બ્રિજ ખુલ્લો મુકાશે

હાલમાં ભારે વાહનો નેશનલ હાઈ વેને બદલે ડાયવર્ઝનના ભાગરૂપે કીમથી એનાના એક્સપ્રેસ વે પરથી પસાર થઈ રહ્યાં છે

સુરત, કામરેજ: વડોદરા જિલ્લાના મુજપુર-ગંભીરા પુલ દુર્ઘટના બાદ સમગ્ર ગુજરાતમાં પુલોની સલામતીને લઈને તાત્કાલિક પગલાં લેવામાં આવી રહ્યા છે. સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં આવેલા ખોલવડ અને આંબોલી ગામને જોડતો તાપી નદી ઉપરનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. 48 (એન.એચ.-48) પર આવેલા બ્રિજ પણ આ ચકાસણીના ભાગરૂપે સમારકામ માટે બંધ કરવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારઘીએ પુલની મુલાકાત લઈને એક્ષ્પાન્શન જોઈન્ટના કામની પૂર્વઅવસ્થાનો નિકટથી અભ્યાસ કર્યો હતો. તેમણે NHAIના અધિકારીઓ સાથે મુલાકાત કરી અને ટ્રાફિકને લઈને આવશ્યક સૂચનો આપ્યા હતા, જેથી વાહનચાલકોને ઓછામાં ઓછી અસુવિધા થાય. ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ રાખવા માટે પોલીસ બંદોબસ્ત પણ તહેનાત કરાયો છે. બ્રિજની મુલાકાત સમયે જિલ્લા કલેક્ટર સાથે મામલતદાર રશ્મિન ઠાકોર, ડીવાયએસપી આર.આર. સરવૈયા તેમજ NHAIના અધિકારીઓ હાજર રહ્યા હતા. તમામએ સ્થળ પર જ કામગીરીનું મૂલ્યાંકન કર્યું અને કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે તત્પર રહેવા સૂચના આપી હતી.

ટ્રાફિક માટે ડાયવર્ઝન અપાયું

હાલ કીમ ચાર રસ્તા પરથી વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વે મારફતે વાહનોની અવરજવર શરૂ કરાઈ છે. તાપી બ્રિજના સમારકામના કારણે ભરૂચથી સુરત તરફ આવનારા ડાબી સાઇડના વાહનોને કીમ ચાર રસ્તા પાસેથી વડોદરા-મુંબઇ એક્સપ્રેસ વેના પેકેજ-૬ પર ડાયવર્ટ કરવામાં આવ્યા છે. આ વાહનો પલસાણા તાલુકાના એના ગામ પાસે ઊતરીને ફરીથી હાઈવે સુધી જઈ શકે છે.

સમારકામ ૩૦થી ૩૫ દિવસમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય

NHAIના પ્રોજેક્ટ ડિરેક્ટર સંજયકુમાર યાદવના જણાવ્યા પ્રમાણે, તાપી નદી પર કુલ ત્રણ પુલો આવેલા છે. હાલમાં ડાબી સાઇડના પુલના એક્ષ્પાન્શન જોઈન્ટના ભાગે રિપેરિંગ કામ હાથ ધરાયું છે. છેલ્લાં દોઢ વર્ષથી આ કામ માટે યોજના બનાવી રહી હતી અને હવે કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી પ્રોજેક્ટને ગતિ આપવામાં આવી છે. હાલ એન્જિનિયર્સ, મેનપાવર અને મશીનરી સાથે ૨૪ કલાક સતત કામ ચાલી રહ્યું છે. સમારકામ પૂર્ણ થયા બાદ બ્રિજ ફરીથી ટ્રાફિક માટે ખુલ્લો મુકાશે.

સહરા દરવાજા અકસ્માતની ઘટનામાં બારડોલી ડેપો મેનેજરે બસચાલકને સસ્પેન્ડ કર્યો

ડ્રાઈવરે બસની બ્રેક ફેઇલ હોવાનું રટણ કર્યું, પરંતુ તપાસમાં બ્રેકમાં કોઈપણ ખામી જોવા મળી ન હતી

સુરતઃ શનિવારે સવારે સહરા દરવાજા પાસે બેકાબૂ બનેલા એસટી બસ ચાલકે એકસાથે ચારેક વાહનોને અડફેટે લીધાં હતાં, આ ઘટનાની ગંભીર નોંધ લઈ બારડોલી ડેપો મેનેજરે બસ ડ્રાઈવરને સસ્પેન્ડ કર્યો હતો.

શનિવારે સવારે ઢેગામાથી સુરત આવતી એસટી બસચાલક વી.એમ. સોલંકીએ સહરા દરવાજા ગરનાળા પાસે અકસ્માત સર્જ્યો હતો, જેમાં ચારેક વાહનોને અડફેટે લીધાં હતાં. આ ઘટનામાં ત્રણ લોકોને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવને પગલે પોલીસનો કાફલો પણ દોડી આવ્યો હતો. ચાલકે બસ મૂકીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ લોકોએ બસ ચાલકને ઝડપી પાડી તેને મેથીપાક ચખાડ્યો હોવાનું જાણવા મળ્યું હતું, જેમાં બસ ચાલકે બસની બ્રેક ફેઈલ થવાનું રટણ કર્યું હતું. જેને લઈ સુરતની ટીમે ઈન્સ્પેક્શન કરતાં બસની બ્રેકમાં કોઈપણ ખામી જોવા મળી ન હતી. બ્રેક સારી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી બારડોલી ડેપો મેનેજરે બસ ચાલક વી.એમ.સોલંકીને સસ્પેન્ડ કરી દીધો હતો.

આંબોલીમાં કચરાના ઢગલામાં મહિલાની પ્રસૂતિ

કામરેજ: કીમ પાસે સિયાલજ પાટિયા પાસે રહી મજૂરી કરી પેટિયું રળતા શ્રમજીવી પરિવારની મહિલા હંસાબેન આનંદભાઈ કટારા (ઉ.વ.22) પ્રસૂતિ માટે કામરેજ ગામમાં આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે જવા માટે પતિ સાથે કીમથી ઓટો રિક્ષામાં આવી રહી હતી. ત્યારે કામરેજના આંબોલીમાં હંસાબેનને એકાએક દુખાવો ઉપડતાં રિક્ષાચાલક મહિલા અને તેના પરિવારને કચરાના ઢગલા પાસે ઉતારીને જતો રહ્યો હતો. મહિલાને દુઃખાવો ઉપડતાં રાહદારીએ 108ને જાણ કરતાં કામરેજની 108ના ઈએમટી રાકેશ ડુમાસીયાએ હંસાબેનને સ્થળ પર સફળ પ્રસૂતિ કરાવી હતી અને બાળકીને જન્મ આપ્યો હતો. બાદ વધુ સારવાર માટે કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં માતા અને નવજાત માતાને લઈ જવાયાં હતાં. પરંતુ બાળકીનું વજન ઓછો હોવાથી વધુ સારવાર માટે ઘલા પાટિયા પાસે આવેલી ટોરન્ટ પાવર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

સુમુલ ડેરીની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ખાનગી મિટિંગનો ઓડિયો વાઇરલ થતાં મામલો ગરમાયો

ડિરેક્ટરોની પ્રાયવાસી ભંગ થતાં સ્ટેટ રજિસ્ટ્રારને ફરિયાદ, લીગલ ઓપિનિયન પછી નિર્ણય લેવાશે

સુમુલ ચેરમેન માનસિંહ પટેલ, ઉપપ્રમુખ રાજુ પાઠક, ધારાસભ્ય સંદિપ દેસાઈ, જિલ્લા રજિસ્ટ્રાર હરેશ કાછડની મિટિંગની વાતો કોઈ ડિરેક્ટરે મોબાઈલમાં રેકોર્ડ કરી વાઇરલ કરી

સુરત : શનિવારે મળેલી સુમુલ ડેરીની વ્યવસ્થાપક કમિટીની બોર્ડ મિટિંગમાં સુમુલના ચેરમેન માનસિંહ પટેલ, વાઇસ ચેરમેન રાજુભાઈ પાઠક, ડિરેક્ટર અને ધારાસભ્ય સંદિપ દેસાઈ અને જિલ્લા રજિસ્ટ્રાર હરેશ કાછડ વચ્ચે ડેરીની ખાનગી બોર્ડ મિટિંગનો આખો સંવાદ કોઈક ડિરેક્ટર દ્વારા મોબાઈલમાં રેકોર્ડિંગ કરી સળંગ સંવાદ અને કટકે કટકે એડિટ કરેલો સંવાદ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સનસની ફેલાઈ છે.

સુમુલ ડેરીની પ્રાથમિક સહકારી મંડળીઓમાં પશુપાલકો દ્વારા ભરવામાં આવતા તરોતાજા ઢૂંફાળા દૂધમાં કેટલાક લાલચુ ડિરેક્ટરના પરિવારજનો દ્વારા મહારાષ્ટ્રથી ચિલીંગ પ્લાન્ટનું ઠંડુ દૂધ લાવી ભેળવવાના મામલે બેઠક ઉગ્ર બની એ ખાનગી મિટિંગની આખી ગતિવિધિ ઓડિયો રેકોર્ડિંગ કરી વાઇરલ કરી દેવામાં આવતા સુમુલના ડિરેક્ટરો અને સરકારી કર્મચારીઓની ગુપ્તતા ભંગ થઈ છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આ મામલો આજે છેક ગાંધીનગર સુધી ગાજ્યો હતો. ડિરેક્ટરોની પ્રાયવાસી ભંગ થતાં સ્ટેટ રજિસ્ટ્રારને ફરિયાદ કરાઇ હતી, લીગલ ઓપિનિયન પછી નિર્ણય લેવાશે એવું જાણવા મળ્યું છે. સુમુલ ચેરમેન માનસિંહ પટેલ, ઉપપ્રમુખ રાજુ પાઠક, ધારાસભ્ય સંદિપ દેસાઈ, જિલ્લા રજિસ્ટ્રાર હરેશ કાછડની મિટિંગની વાતો કોઈ ડિરેક્ટર મોબાઈલમાં રેકોર્ડ કરી વાઇરલ કરી દીધી હતી. ડેરીની ખાનગી બોર્ડ મિટિંગનો આખો સંવાદ કોઈક ડિરેક્ટર દ્વારા મોબાઈલમાં રેકોર્ડિંગ કરી સળંગ સંવાદ અને કટકે કટકે એડિટ કરેલો સંવાદ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સનસની ફેલાઈ છે.

આ મિટિંગમાં ગુજરાત સ્ટેટ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF)ના પ્રતિનિધિ, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના અધિકારી અને જિલ્લા રજિસ્ટ્રાર પણ હાજર હતા, એને લીધે આ બેઠકની ગંભીરતા વધી જાય છે. મામલો ગાંધીનગર પહોંચતા શક્યતા એવી છે કે, જેમનો સંવાદ રેકોર્ડ કરી વાઇરલ કરવામાં આવ્યો એ જિલ્લા રજિસ્ટ્રાર પાસે તપાસ લક્ષી અહેવાલ મંગાવવામાં આવશે. આ મામલે સુમુલના ડિરેક્ટરોનો સંપર્ક કરતા તેમણે કોઈપણ પ્રતિક્રિયા આપવા ઇનકાર કર્યો છે. જિલ્લા રજિસ્ટ્રારનો સંપર્ક કરતા તેમણે નો કોમેન્ટ કહી કશું પણ જણાવવા ઇન્કાર કર્યો છે. ગુજરાત સ્ટેટ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) ના એમડી જયેન મેહતા અને મુખ્ય કાર્યપાલક અધિકારી (નિરીક્ષણ અને અન્વેષણ કમિટી સહકાર વિભાગ) દ્વારા કડક ચેતવણી મળ્યાં પછી સુમુલ ડેરીની વ્યવસ્થાપક કમિટીએ સર્વાનુમતે 25 મંડળીઓને ડેરીએ કરેલો 3.25 કરોડનો દંડ માન્ય રાખવાનો નિર્ણય લીધો હતો. એક પણ ડિરેક્ટરે દંડ માફ કરવા કોઈ લેખિત રજૂઆત, કે વાંધો વિરોધ નોંધાવ્યો ન હતો.

આ ઘટના ક્રમમાં તાપી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપનાર ડિરેક્ટરોની બોર્ડની અંદર અને બોર્ડની બહારની ભૂમિકાને લઈ ચર્ચાઓ ચાલી હતી. ત્રણ કલાક ચાલેલી બેઠક પછી સુમુલના ચેરમેન માનસિંહ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના સહકાર વિભાગ અને ફેડરેશન દ્વારા મળેલી સૂચના મુજબ સુમુલ ડેરીએ ફરિયાદો પછી ઢૂંફાળા દૂધમાં મહારાષ્ટ્ર અને સૌરાષ્ટ્રથી ઠાલવવામાં આવતા ઠંડા દૂધ સ્વીકારતી મંડળીઓ સામે કાર્યવાહી કરી હતી. અમૂલ પેટર્નનો ભંગ સરકાર ચલાવી લેશે નહીં. જે મંડળીઓએ ભૂલ કરી છે, એના સંચાલકો પણ અમારા ભાઈઓ જ છે. અમે એમને ભવિષ્યમાં આવું નહીં કરવા સમજાવ્યું છે. સાથે સાથે આ ઘટનાથી બોધપાઠ લઈ સુમુલ ડેરીએ પણ આ અંગે 15 નિયમો સાથેની માર્ગદર્શિકા બનાવી છે, જે 1100 દૂધ મંડળીઓને મોકલવામાં આવશે. અહીં ઉલ્લેખનીય છે કે, રાજ્યના સહકાર સચિવને મળેલી ફરિયાદ પછી સુમુલના ચેરમેન અને એમડી.એ 25 મંડળીઓ પાસે 3.25 કરોડનો દંડ કરી આ રકમની વસૂલાત કરી હતી.

અનુસંધાન ... પાના છેલ્લાનું

આ તે, યુનિ...

વિના બારોબાર 1.80 લાખ ચોરસ મીટર જમીન ચશ્ચી ફાઉન્ડેશનને નવરાત્રિ માટે કોઈપણ જાતના ટેન્ડર વગર ભાડે આપી દીધી મોટો વિવાદ ઊભો થયો છે. આ એજ ચશ્ચી ફાઉન્ડેશન છે કે જેણે થોડા સમય પહેલા જ પાલ હવેલીની સામે હજીરા રોડ પર બારોબાર ઓપરેશન સિંદૂરના નામે સર્કલ ખડકી દઈને વાહનચાલકોને ભારે ત્રાસ આપ્યો હતો. જેને આખરે મનપાએ તોડવાની ચિમકી આપતાં દૂર કરવું પડ્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી જ્યાં આકાંક્ષા છે ભવિષ્ય ઘડવાની, આજે રાજકારણ અને વેપારનો અખાડો બની રહી છે. કારણ કે યુનિવર્સિટીના કુલપતિ ડો. કે.એન.ચાવડાએ નવરાત્રિના ઇવેન્ટ માટે 1.80 લાખ ચોરસ મીટર એટલે કે આશરે 44 એકર જમીન ફક્ત 62 લાખ રૂપિયામાં ચશ્ચી ફાઉન્ડેશનને ભાડે આપી છે. અચંબાની વાત એ છે કે પ્રતિ ચોરસ મીટર ભાડું ફક્ત 34.44 રૂપિયા રાખવામાં આવ્યું છે. વિશેષ એ છે કે આ ભાડું વિના ટેન્ડર પ્રક્રિયા અને પારદર્શક જાહેરાત વિના અપાયું છે. જેને પગલે આ વેપલામાં મોટો 'ખાયકી' થયાની ચર્ચાઓ શરૂ થઈ છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સમગ્ર જમીન રાજ્ય સરકારની મિલકત છે અને શિક્ષણ હેતુથી જ સંપાદિત કરાઈ હતી. આથી, આવા પ્રવૃત્તિઓને સંવૈધાનિક ભંગ અને શિક્ષણ વ્યવસ્થાનો ખંડન ગણવામાં આવી રહ્યો છે. કેમ્પસમાં સમરસ હોસ્ટેલ, ફેકલ્ટીઓ અને રેસિડેન્શિયલ ક્વાર્ટર્સ હોવા છતાં, રાત્રિબેળાની અવાજ, ટ્રાફિક અને ભીડ શિક્ષણના માહોલને બગાડી શકે છે. આ પહેલા પણ યુનિવર્સિટીની જમીન મામલે વિવાદ થયાં છે. હવે ફરી વ્યાપારી ફાયદા માટે યુનિવર્સિટી જગ્યા 'મનમાં ભાવે'આપાઈ હોવાનો આક્ષેપ ઊઠી રહ્યો છે. શું કુલપતિનો આ નિર્ણય સ્વજનોને લાભ પહોંચાડવાનો પ્રયાસ છે? આ મુદ્દે ન્યાયિક તપાસ થવી જરૂરી બની છે.

ખેડૂતો પોતાની...

વગર સમગ્ર કેમ્પસનો મુખ્ય વિસ્તાર હસ્તાંતર કરી દેવાયો છે. વારંવાર શૈક્ષણિક હેતુ માટે સંપાદિત થયેલી જગ્યા વેપારીક ઉપયોગ થતા આ જમીનના મુળ ખેડૂતો હાઈકોર્ટમાં જમીન પરત મેળવવા પીઆઈએલ કરવાની તૈયારીમાં હોવાનું પણ જાણવા મળ્યું છે.

વિદ્યાર્થીઓ અને...

ભરેલા મેળા જેવી અવસ્થાઓ અહીં સર્જાશે તો એ શૈક્ષણિક વાતાવરણના ગંભીર ભંગ સમાન છે. વિદ્યાર્થીઓની ભણતર પર સીધો અસર થશે. જે માન્ય હોવું શક્ય નથી.

અગાઉ પણ...

સરકારને આખરે જમીનને એકેડેમિક ઝોનમાં દાખલ કરવી પડી હતી. ત્યારે પણ યુનિવર્સિટી તરફથી ખાનગી ફાયદા માટે જમીન વાપરી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો આરોપ થયો હતો.

ખાડીપૂર બાદ...

કરાયાં છે, જેમાં ટૂંકા ગાળાના અને લાંબા ગાળાનાં આયોજનો થશે. હાલ ખાડીમાં દેખીતા અવરોધો જેવાં કે સ્ટ્રક્ચર્સ, બ્રિજ, ક્લ્વર્ટ દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તેમજ ખાડીઓ પર હવે ખાનગી સ્ટ્રક્ચર્સ બનાવવા માટે મંજૂરી નહીં આપવાનો ઠરાવ પણ મિટિંગમાં કરાયો હતો. વધુ માહિતી આપતાં કમિશનર શાલીની અગ્રવાલે જણાવ્યું હતું કે, ખાસ કરીને ખાડીના અંદરના અવરોધો કે જે પાણીના પ્રવાહને અટકાવતા હોય એ માટે 2 દિવસથી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેથી પાણીનો પ્રવાહ સ્ટ્રીમલાઈન થઈ શકે.

ખાડીમાં કોઈપણ પ્રકારનાં ગેરકાયદે કલ્વર્ટ, ગેરકાયદે બ્રિજ કે સ્ટ્રક્ચર્સ હોય, રસ્તા વગેરે તેના પર ફોકસ કરી તે દૂર કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત આજદિન સુધી ખાડીઓ પર ધડાધડ બ્રિજ અને કલ્વર્ટ બનાવી દેવાયાં છે. જે માટે અગાઉ મનપાના વિવિધ ઝોનમાંથી જે-તે વિસ્તારમાં ખાડી પર સ્ટ્રક્ચર્સ બનાવવાની મંજૂરી આપવામાં આવતી હતી. જો કે, હવે પછી ખાડી પર કોઈપણ ખાનગી સ્ટ્રક્ચર બનાવવા માટે મંજૂરી અપાશે નહીં. એ માટે મનપા અને સિંચાઈ વિભાગ સંયુક્ત રીતે નિર્ણય લેશે. ઉપરાંત કમિટી પણ બનાવાશે. સાથે ગાઈડલાઈન બનાવી પરિપત્ર બહાર પાડવામાં આવશે, જેમાં ખાડી પર શું બનાવી શકાય? શું ન બનાવી શકાય તે અંગે માહિતી હશે.

ખાડીઓની કિનારાની...

માટે જણાવાયું છે. એ માટે સિંચાઈ વિભાગ દ્વારા વાપકોસ પાસેથી હાલ કામ કરાવવામાં આવી રહ્યું છે. જે માટેનો પ્રિલિમનરી રિપોર્ટ વાપકોસ દ્વારા સબમિટ કરાયો હતો તેના પર બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. ચોમાસા દરમિયાન ઉપરવાસથી ખૂબ જ પાણી આવતું હોય છે. તેમાં ખાસ કરીને ઉપરવાસનું પાણી આવતું હોય છે ત્યારે પાણીનો કેચમેન્ટ એરિયા કેવી રીતે ડેવલપ કરી શકાય કે એ માટે વોટર મેનેજમેન્ટ પ્લાન બનાવવાનું લાંબા ગાળાનું આયોજન છે એ માટે એક્શન પ્લાન બનાવાશે તેમ મનપા કમિશનરે જણાવ્યું હતું.

રાજકીય પાર્ટીને...

ત્યાં પણ સર્ચ કાર્યવાહી કરવામાં આવી હતી.નાના રાજકીય પક્ષોને દાન આપી પાછળથી રોકડ 80/20 ન રેશ્યોમાં લેવાનો આ મામલો છે.આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ તપાસ હજી બે દિવસ સુધી ચાલશે.આ કાર નિષ્ણાતો દ્વારા કેટલાં બોગસ રિટર્ન અ્ને ક્લેઇમ કરાયા છે એની યાદી તપાસનીશ અધિકારીઓ તૈયાર કરી રહ્યાં છે. બોગસ અને ખોટા ક્લેઈમનો આંકડો કરોડોને પાર જઈ શકે એમ છે. આ ફર્મની ભૂમિકા તપાસમાં ખુલ્લા પછી જેટલી રકમના ખોટા ક્લેઇમ હશે તેની પર ટેક્સ, વ્યાજ અને પેનલ્ટી ચૂકવવી પડશે. સુરત આવકવેરા વિભાગની ઈન્વેસ્ટિગેશન વિંગના ડીઆઈ ઘોષ, અને એડીઆઈ દિપેન્દ્રકુમારના માર્ગદર્શન હેઠળ આ ગુપ્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

વહેલી સવારે જ અધિકારીઓનો કાફલો વરાછારોડ અને નાનપુરા વિસ્તારની 2/2 મળી કુલ 4 ઓફિસ અને 6 થી 8 કર્મચારીઓને ત્યાં પહોંચ્યો હતો. વેતન ધારક કર્મચારીઓ જેવા કે, હીરા કારીગર, બેંક કર્મચારીઓના નામે મોટાપાયે રિટર્ન ભરવામાં આવ્યા હતા. તેમના રિટર્ન ભરતી વખતે પોલિટિકલ પાર્ટી, ઈન્સ્યુરન્સ, સ્કુલની ફી,સામે બેફામ ક્લેઇમ મૂકીને ટેક્સ બચાવાનું રેકેટ ચલાવવામાં આવતું હતું.શિક્ષણ અને આરોગ્યના જે ડોનેશનમાં 100 ટકા કરમુક્તિ છે તેમાં પણ બોગસ ડોનેશન બતાવતા હતા. અને જે રકમનો લાભ થાય તેમાંથી અમુક ટકા કમિશન રિટર્ન ભરનારને પરત આપવામાં આવતું હતું.આ ઓપરેશનને "NUDGE" નામ આપવામાં આવ્યું છે.

સુરતમાં 17...

જેમાં કતારગામ ઝોન, વરાછા-એ, ઉધના-એ, લિંબાયત અને સેન્ટ્રલ ઝોનમાં પાણી પુરવઠો બંધ રહેશે. આ પાંચ ઝોનની મળીને કુલ 10 થી 12 લાખની વસતીને સીધી અસર થશે.

ક્યા ક્યા...

હરિઓમ નગર, પુનિત નગર, દેવી દર્શન સોસાયટી, જય જવાન જય કિશાન સોસાયટી, ગોવાલક વિસ્તાર (અંબિકા નગર, આશાપુરી સોસાયટી, દેવેન્દ્ર નગર, ગણપત નગર, લક્ષ્મી નગર, કરશન નગર, હીરા નગર, કર્મયોગી સોસાયટી), લિંબાયત ઝોનમાં ભાઠેના-1, ઉમિયા નગર, મગદુમ નગર, સલીમ નગર, પ્રકાશ એન્જિનિયરિંગ ગલી, EWS ક્વાર્ટર્સ, જવાહર નગર, નહેરુ નગર, લો-કોસ્ટ કોલોની, હળપતિ કોલોની, નવી કોલોની, ખ્વાજા નગર, બાગબાન ગલી, ચીમનીનો ટેકરો, બેઠ્ઠી કોલોની, D-ટાઈપ ટેનામેન્ટ, ગાંધી નગર, ઈસ્લામપુરા, રઝા નગર, મિલેનિયમ માર્કેટ, જૂનો ડેપો, સેન્ટ્રલ ઝોનમાં સેન્ટ્રલ ઝોન ઉત્તર વિભાગ, દિલ્હી ગેટથી ચોક બજાર, રાજમાર્ગથી ઉત્તરના વિસ્તારો (મહીધરપુરા, રામપુરા, હરિપુરા, સૈયદપુરા, ધાસ્તીપુરા, શાહપોર-નાણાવટ)

સુરત જિલ્લામાં...

નોંધાઈ રહી છે. જેના પરિણામે ડેમની પાણીની સપાટી ધીરે ધીરે વધતી રહી છે અને હાલ 325.14 ફૂટ સુધી પહોંચી છે.

કતારગામમાં રસોઈ...

ફ્લેશ ફાયર સાથે ધડાકો થયો હતો અને ઘરમાં આગ લાગી ગઈ હતી. આગ લાગતાં લાલજીભાઈ જોગરાણા તેમનાં પત્ની સેજલબેન અને બે પુત્રીઓ પ્રિયાંશી તથા ધર્મિષ્ઠા દાઝી ગયાં હતાં. સદનસીબે અન્ય રૂમમાં સૂતેલી પાંચ વર્ષની પુત્રી રિતિકા બચી ગઈ હતી. આ ઘટનાને પગલે સ્થાનિક લોકો મદદે દોડી આવ્યા હતા. પરિવારના ચારેય સભ્યોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ટોયલેટની સીટ...

સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી હાથ ધરીને મહત્વના આદેશમાં સમદ અબ્દુલ રહેમાન શાહને 1 લાખનો દંડ ફટકાર્યો છે. ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ એસ એસ સુપેહિયા અને જસ્ટીસ આર ટી વાછ્છાણીની ડિવીઝન બેન્ચે જસ્ટિસ એ.એસ. સુપેહિયા અને જસ્ટિસ આર.ટી. વાછ્છાણીની ડિવિઝન બેન્ચે આદેશમાં જણાવ્યું હતું કે સંબંધિત વ્યક્તિનું આચરણ અવમાનજનક હતું અને તેઓ તેને જેલમાં મોકલવા પર પણ વિચાર કરી રહ્યા છે. ડિવીઝન બેન્ચે આદેશ આપ્યો છે કે, 'અદાલતનું અવમાન કરનારે લાઈવ-સ્ટ્રીમિંગ કાર્યવાહી દરમિયાન પોતાના આચરણનો સ્વીકાર કર્યો છે. આમ, આ તબક્કે, અમે અવમાન કરનારને આગામી સુનાવણીની તારીખ પહેલાં ગુજરાત હાઈકોર્ટની રજિસ્ટ્રીમાં ₹1 લાખ જમા કરાવવાનો નિર્દેશ આપીએ છીએ.' જસ્ટીસ એએસ સુપેહિયા અને જસ્ટીસ આરટી વાછ્છાણીની બનેલી ડિવીઝન બેન્ચે મીડિયા રિપોર્ટસના આધારે સમગ્ર બાબતને સુઓમોટા કાર્યવાહી તરીકે હાથ પર લઈને મહત્વના આદેશમાં એવું સ્પષ્ટ નિરીક્ષણ કર્યુ હતું કે, સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલો આ વિડીયો ન્યાયતંત્રની છબીને નુકસાનકર્તા હોઈ તેને તાત્કાલિક અસરથી ડિલીટ કરવો જોઈએ. હવે કોઈ પણ વ્યક્તિ કોર્ટ સમક્ષ વિડીયો કોન્ફરન્સથી વર્ચ્યુઅલ હાજર થાય તો કોર્ટની આમાન્યા (માન-સન્માન) જળવાવી જોઈએ, તેની તકેદારી રાખવાની રહેશે. જો કોઈ પણ વ્યક્તિ લાઈવ સ્ટ્રીમિંગ વખતે ગેરશિસ્ત કરતો જોવા મળશે, તો તેને ત્વરીત કોર્ટ કાર્યવાહી છોડવાનું કહી દેવાશે. આવી સ્થિતિમાં લાઈવ સ્ટ્રીમિંગ અટકાવી દેવાનું રહેશે.

વલસાડ જીલ્લા પોલીસ વાહનની જાહેર હરાજી

આથી તમામને જણાવવામા આવે છે કે, વલસાડ જીલ્લાના અલગ-અલગ પો.સ્ટે.માં ઘણા લાંબા સમયથી બિનવારસી પડી રહેલ વાહનોની જાહેર હરાજી નીચે દર્શાવેલ તારીખ, સમય તથા સ્થળે કરવામા આવનાર છે. સદર હરાજીમાં ભાગ લેનારે જે તે પોલીસ સ્ટેશનમાં SUPERINTENDENT OF POLICE VALSAD ના નામનો પોલીસ સ્ટેશન વાઈઝ અલગ અલગ રૂ.૫૦,૦૦૦/- ના ડીમાન્ડ ડ્રાફટ કાઢી તા.૧૮/૦૭/૨૦૨૫ સુધીમાં જમા કરાવી તેમજ જે તે પોલીસ સ્ટેશનમાં રાખેલ હરાજીપાત્ર વાહનોની ચકાસણી કરી તથા હરાજીની શરતો જાણી હરાજીમાં ભાગ લેવાનો રહેશે. વધુ વિગતો માટે કચેરી સમય દરમ્યાન રૂબરૂ અથવા ફોન નં.૦૨૬૦-૨૪૩૪૪૯૧, ૦૨૬૩૨-૨૪૯૦૩૯ ઉપર સંપર્ક કરવો.

હરાજી મંજુર કરવી કે નહિ તેનો અબાધિત અધિકાર નાયબ પોલીસ અધિક્ષકશ્રી વલસાડ વિભાગ, વલસાડ જી.વલસાડ નાઓનો રહેશે.

હરાજીની તારીખ અને સમયઃ- તા.૨૦/૦૭/૨૦૨૫ ક.૧૦/૦૦ વાગે

હરાજીનું સ્થળઃ- નાયબ પોલીસ અધિક્ષકની કચેરી વાપી, ઉ.નગર પોલીસ સ્ટેશન વાપીની સામે તા.વાપી જી.વલસાડ

(બી.એન.દવે)
નાયબ પોલીસ અધિક્ષક
વાપી વિભાગ, વાપી.

ન. માહિતી/વલસાડ/૩૧૨/૨૦૨૫

અનુસંધાન ... પાના પહેલાનું

જીએસટી દર-...

રહેલ અસંમતિઓને દૂર કરવાનો અને અગત્યના ફેરફારો, ખાસ કરીને ૧૨ ટકાનો ટેક્સ સ્લેબ નાબૂદ કરવાની તરફ આગળ વધવાનો છે.

એક મુખ્ય દરખાસ્ત ૧૨% GST દરને સંપૂર્ણપણે નાબૂદ કરવાની છે. આ સ્લેબ હેઠળની વસ્તુઓને ૫% દર સુધી ઘટાડી શકાય છે અથવા ૧૮% દર સુધી વધારી શકાય છે. આનાથી કર માળખું સરળ બનશે, પરંતુ તેનાથી કેન્દ્ર અને રાજ્યોને સંયુક્ત રીતે લગભગ ૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦ કરોડ રૂપિયાનું મહેસૂલ નુકસાન પણ થઈ શકે છે. આના કારણે ઘણા રાજ્યો - ભાજપ શાસિત અને વિપક્ષ શાસિત બંને - સંમત થવામાં ખચકાટ અનુભવે છે. GST કાઉન્સિલમાં ફેરફારો પ્રસ્તાવિત થાય તે પહેલાં શાહની ભૂમિકા તમામ પક્ષો વચ્ચે સર્વસંમતિ ઉભી કરવામાં મદદ કરવાની રહેશે.

ગૃહમંત્રીએ નાણા મંત્રાલયના અધિકારીઓ સાથે પહેલાથી જ વાત કરી છે. ભારતની પરોક્ષ કર પ્રણાલીને એકીકૃત કરવા માટે જુલાઈ ૨૦૧૭ માં GST શરૂ કરવામાં આવ્યો હતો. જો કે, હાલમાં તેમાં પાંચ મુખ્ય સ્લેબ છે - ૦%, ૫%, ૧૨%, ૧૮% અને ૨૮%, ઉપરાંત લક્ઝરી અને સિન ગુડ્સ પર વધારાના સેસ ચાર્જ. સ્લેબની સંખ્યા ઘટાડીને માળખાને સરળ બનાવવાના પ્રયાસો ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહ્યા છે. કેટલાક વિપક્ષ શાસિત રાજ્યોએ જીવન અને આરોગ્ય વીમા પ્રીમિયમ પર GSTમાં ૧૮% થી ઘટાડીને ૫% કરવાની પણ માંગ કરી છે - પરંતુ કાઉન્સિલે ડિસેમ્બર 2024 માં તેની ૫૫મી બેઠકમાં આ અંગેનો નિર્ણય મુલતવી રાખ્યો હતો.

નાણા મંત્રી નિર્મલા...

મુદ્દાઓ રાજકીય રીતે સંવેદનશીલ હોવાથી તેઓ આ ભૂમિકા ભજવે તેવી અપેક્ષા છે. ભૂતકાળમાં શાહ વિનિવેશ અને મહત્વની ખાદ્ય ચીજોના ભાવ વધારા જેવી અન્ય આર્થિક ચર્ચાઓમાં સામેલ રહ્યા છે. ૧૨ ટકાનો સ્લેબ નાબૂદ કરવાનો મુદ્દો બહુ સાવચેતીથી હાથ ધરવા જેવો મુદ્દો છે અને આવી બાબતમાં અમિત શાહની કુશળતા જોતા તેમની મદદ લેવામાં આવી રહી છે.

સોશ્યલ મીડિયા...

અને અભિવ્યક્તિની સ્વતંત્રતા એક મૂળભૂત અધિકાર છે. પરંતુ કોઈ આત્મસંયમ અને સ્વ-નિયમન નથી... જો નાગરિકો આ મૂળભૂત અધિકારનો આનંદ માણવા માંગતા હોય તો તેમણે પોતાને નિયંત્રિત કરવા પડશે અને કોઈ પ્રકારનો આત્મસંયમ રાખવો પડશે.

લગ્ન વિવાદના...

તેનો ન્યાયિક કાર્યવાહીમાં ઉપયોગ કરી શકાતો નથી. હાઈકોર્ટના આ